અપીલ અરજી નં.૩૩૪ તા.૧૧–૨–૦૯

અરજદારઃ શ્રી મનસુખભાઈ જેરામભાઈ મુંજાણી
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનસુખભાઈ જેરામભાઈ મુંજાણીની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી ૭/૭૪૪ અને ૭૭૧ પૈકીની મિલ્કતમાં એલાઈમેન્ટ અને પાર્કીંગની જગ્યા રોડથી કેટલી છોડવી જોઈએ, આગળના ઘરની પાછળના ભાગે બંધાનાર મકાન માલિકે કેટલી જગ્યામાં બે મકાન વચ્ચે રાખવી જોઈએ આગળના મકાનના ઘરની ઉપર પાછળના મકાનવાળા ૪ ફુટની ગેલેરી કાઢી શકે, એક માલિક અને કબ્જેદારના ઘર મળીને કુલ કેટલા નળ કનેકશન હોવા જોઈએ અને કેટલાના નામના પાણીના વેરાના બીલ છે તે જણાવશો. સ્થળ ઉપર હાલમાં ખુલ્લી જગ્યા છે, કેટલી એલાઈમેન્ટની જગ્યા ખુલ્લી છે કે ત્યાં કબ્જેદારનું ઘર છે તે જણાવશો જો કબ્જેદારનું ઘર હોય તો એલાઈમેન્ટની ૪.૮૭× ૪.૫૭ મી. ની સ્થળ ઉપર કયાં છે તથા પ્લાનના બાંધકામ એલાઈમેટ અને માર્જીનની જગ્યા ગેલેરીની વિગત મકાન માલિકને કબ્જેદારના નળ કનેકશન પાણી બીલ ,વેરાબીલ, આકારણી ઈલેકટ્રીક મોટરથી પાણી ખેંચવા ભાડુઆતના પ્લાન, એલાઈમેન્ટની જગ્યા પર દાદર ગેરકાયદેસર બાંધકામ તોડવા,બજાવેલ નોટીસ સ્વીકાર પછી કેટલા દિવસ સુધીમાં ખુલ્લી જગ્યા માંગી શકે તે ન મળે તો શું કાર્યવાહી થઈ શકે, અસ્વીકાર કરે તો શું કાર્યવાહી થઈ શકે, અને દબાણ તથા ગેરકાયદેસર નળ કનેકશન વિગરે અંગે મુદ્દા નં.૧ થી ૩૦ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૩૪/૨૦૦૮–૦૯

શ્રી મનસુખભાઈ જેરામભાઈ મુંજાણીની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી ૭/૭૪૪ અને ૭૭૧ પૈકીની મિલ્કતમાં એલાઈમેન્ટ અને પાર્કીંગની જગ્યા રોડથી કેટલી છોડવી જોઈએ આગળના ઘરની પાછળના ભાગે બંધાનાર મકાન માલિકે કેટલી જગ્યામાં બે મકાન વચ્ચે રાખવી જોઈએ આગળના મકાનના ઘરની ઉપર પાછળના મકાનવાળા ૪ ફુટની ગેલેરી કાઢી શકે, એક માલિક અને કબ્જેદારના ઘર મળીને કુલ કેટલા નળ કનેકશન હોવા જોઈએ અને કેટલાના નામના પાણીના વેરાના બીલ છે તે જણાવશો. સ્થળ ઉપર હાલમાં ખુલ્લી જગ્યા છે, કેટલી એલાઈમેન્ટની જગ્યા ખુલ્લી છે કે ત્યાં કબ્જેદારનું ઘર છે તે જણાવશો જો કબ્જેદારનું ઘર હોય તો એલાઈમેન્ટની ૪.૮૭× ૪.૫૭ મી. ની સ્થળ ઉપર કયાં છે તથા પ્લાનના બાંધકામ એલાઈમેટ અને માર્જીનની જગ્યા ગેલેરીની વિગત મકાન માલિકને કબ્જેદારના નળ કનેકશન પાણી બીલ ,વેરાબીલ, આકારણી ઈલેકટ્રીક મોટરથી પાણી ખેંચવા ભાડુઆતના પ્લાન, એલાઈમેન્ટની જગ્યા પર દાદર ગેરકાયદેસર બાંધકામ તોડવા,બજાવેલ નોટીસ સ્વીકાર પછી કેટલા દિવસ સુધીમાં ખુલ્લી જગ્યા માંગી શકે તે ન મળે તો શું કાર્યવાહી થઈ શકે અસ્વીકાર કરે તો શું કાર્યવાહી થઈ શકે, અને દબાણ તથા ગેરકાયદેસર નળ કનેકશન વિગરે અંગે મુદ્દા નં.૧ થી ૩૦ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ થી ૬, ૮ થી ૧૦,૧૨ થી ૧૭, ૨૦ થી ૨૨,૨૬,૨૭ અને ૩૦ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્રનં.આરટીઆઈ સેલ/૧૧૧૧ તા. ૧૯–૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અુસંધાને સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૫૫ તા.૨૪–૨–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારની તા.૧૨–૧૨–૦૮ ની અરજીથી વોર્ડ નં.૭/૭૪૪ અને ૭૭૧ પૈકી ટેના નં.૭એ–૨૧–૧૦૦૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં પ્લાન પ્રમાણેનું બાંધકામ ગેલેરી કવરેજ, રોડ એલાઈમેન્ટ, દાદરના દબાણ માર્જીનની ખુલ્લી જગ્યા અને નળ કનેકશન વિગેરેને લગતા મુદ્દા નં.૧ થી ૩૦ થી માહિતીની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૧૦ તા.૯–૧–૦૯ થી અરજદારને માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જેમાં પૂરી પડાયેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૧૦ ,૧૨ થી ૧ ૭, ૨૦ થી ૨૨, ૨૬,૨૭, અને ૩૦ માં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સાચી માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજુઆત કરી કરેલ અપીલ અંગે નં.આરટીઆઈસ`લ /૧૧૨૮ તા.૨૪–૨–૦૯ ના રોજ સાંજે ૩.૪૫ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી મુગલીસરા ખાતે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહી પ્લાન મંજુર છે? ઝુંપડાની જગ્યા બતાવો? અને બરાબર માહિતી આપેલ નથી તેમ જણાવી મુદ્દા નં.૧,૨,૪,૬, ૧૦,૧૨,૧૪, ૧૬,૨૦,૨૧,૨૨,૨૬ અને ૩૦ ની સાચી માહિતી મળેલ નથી અને તેના પુરાવા ઉપલબ્ધ છે તેવી રજૂઆત કરેલ. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી ગેરમાર્ગે દોરતી કે ખોટી હોવાનું અરજદાર અપીલ સુનાવણી તબકકે પ્ર તિપાદિત કરી શકયા નથી. જાહેર માહિતી અધિકારી વતી એકઝી. ઈજનેર સેન્ટ્રલ ઝોન તરફથી હાજર રહી જણાવેલ કે અરજદારને ૩૦ ફુટ એલાઈમેન્ટ છે જે બતાવી માર્ક કરી આપેલ છે. રેકર્ડ આધારીત તમામ મુદ્દાઓની માહિતી આપવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) અનુક્રમે માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અનુસાર જાહેર સત્તા મંડળ પાસ ેની અને નિયંત્રણ હેઠળની ભૈતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની રહે છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા સમય મર્યાદામાં આપેલ અરજદારના ૩૦ મુદ્દાઓ અંગે તેમને પુરી પાડયાનું પ્રથમદર્શી રીતે સ્પષ્ટ થાય છે. તેમ છતાં અરજદાર અપીલના તબકકે નારાજ મુદ્દાઓ પુરતું જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં કચેરી કામકાજ દરમ્યાન સંપર્ક કરી લાગત ફાઈલનું જાત નિરીક્ષણ કરીને ઈચ્છે તે નકલો આરટીઆઈની કલમ–૭(૧) અને ૭(૩) ની જોગવાઈ તેમજ નિયમ–૫ થી ઠરાવેલ વિગતેની ફી ભરીને મેળવી શકે છે. અરજદાર જાહેર માહિતી અધિકારીનો સં પર્ક કરે તે મુજબ અમલવારી કરવા શહેર વિકાસ અધિકારી અ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મનસુખ જેરામ મુંજાણી,